ક્રમાંક: માવિ.ડ/ફી નિયમન/૨૦૧૮/૯૨૨-૧૧૫૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

બનાસકાંઠા, પાલનપુર

તા.૦૯/૦૧/૨૦૧૮

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,

નોન-ગ્રાન્ટેડ શાળાઓ તમામ

જિ.બનાસકાંઠા

વિષય: ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ શાળાઓની ફી બાબતે વાલીઓ/જાહેર જનતાને નોટીસ બોર્ડ/વેબ સાઈટ દ્વારા માહિતગાર કરવા બાબતે.

સંદર્ભ: શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો તા.૦૪/૦૧/૨૦૧૮ ના પત્ર અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ ને નામદાર હાઈકોર્ટે તા.૨૭/૧૨/૨૦૧૭ ના જજમેન્ટથી માન્ય ઠરાવેલ છે. તેના સંદર્ભમાં દરેક સ્વનિર્ભર શાળાઓએ આ સાથે સામેલ લખાણ મુજબની સૂચના શાળાના નોટિસ બોર્ડ/શાળાની વેબસાઈટ ઉપર વાલીઓને દેખાય તે રીતે મુકવા, તથા આ સૂચનાનું પાલન દરેક સ્વનિર્ભર શાળાઓ દ્વારા કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

બનાસકાંઠા,પાલનપુર

બિડાણ: ઉપર મુજબ

ગુજરાત સેલ્ફ ફાઈનાન્સ્ડ સ્કૂલ્સ (ફી નિયમન) અધિનિયમ ૨૦૧૭ને નામ.હાઈકોર્ટે માન્ય ઠરાવેલ છે ત્યારે દરેક શાળાઓએ નીચે મુજબની વિગતો નોટિસ બોર્ડ / વેબસાઈટ ઉપર જાહેર કરવાની રહેશે.

## શાળાની ફી બાબતે અગત્યની સૂચના.

તા.

...............................શાળાએ ફી નિયમન સમિતિ..................ઝોન સમક્ષ શાળાની વર્ષ ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક વર્ષ માટે દરખાસ્ત/એફીડેવિટ રજૂ કરેલ છે/નથી. સમિતિ દ્વારા ફી નિર્ધારિત કરવા અંગેનો હુકમ મળ્યેથી, જો શાળાએ વધુ ફી વસૂલ લીધેલ હશે તો તે વાલીશ્રીને પરત/સરભર કરવા માટે શાળા આથી બાંહેધરી આપે છે.

ફી નિયમન અધિનિયમની કલમ ૨(ह) માં ઉલ્લેખ થયા મુજબ 'પ્રવેશ ફી' (admission fee} એક માસની 'શિક્ષણ ફી'થી વધુ વસૂલ લેવામાં આવી હશે તો તે પણ પરત/સરભર કરવા શાળા આથી બાંહેધરી આપે છે.

આચાર્યશ્રી / વહીવટદારશ્રી

# <u>શાળાઓએ નીચે મુજબનું બેનર બનાવી આચાર્યશ્રીની</u>
# <u>ઓફિસ બહાર ફરજિયાત લગાવવું.</u>

શાળાનું નામ:-..................................................................................................

શૈક્ષણિક વર્ષ:-..............................................................................................................

## ફી નિયમન સમિતિ દ્વારા મંજુર થયેલ ફીની વિગત.

એસ.એસ.સી. ઈન્ડેક્ષ નંબર.........................

એચ.એસ.સી.ઈન્ડેક્ષ ....................................

| ક્રમ | ધોરણ | વાર્ષિક ફી |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |

ટ્રસ્ટીશ્રીની સહી.

આચાર્યશ્રીની સહી.

ઉપરોક્ત મુજબ નું બેનર બનાવી તમામ શાળાઓએ સોમવાર તા: ૨૫/૫/૨૦૨૫ સુધી માં ફરજીયાત લગાવવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.